सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૩–૦૩–૨૦૨૩
નોંધણી તારીખ:– ૨૩–૦૩–૨૦૨૩
ફેંસલ તારીખ :– ૨૮–૦૪–૨૦૨૬
સમયગાળો :– <u>વર્ષ – માસ–દિવસ</u>
૦૩– ૦૧ – ૦૦૬

---

**મે. ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી ( ઝેડ.જી.મોદન ), લેબર કોર્ટ, (જે.ડી.) ગાંધીધામ, જી. કચ્છ.**

---

**વ.કો.(ફેટલ)અરજી નં. ૯/૨૦૨૩**
**આંક–**

**<u>ગુજરનાર અનરજીત ઉર્ફે અમરજીત રામપતિના વારસદારો</u>**

(૧) કાન્તીદેવી અનરજીત, (પત્નિ)
ઉ.વ. ૩૫, ધંધો–ગૃહીણી.
(૨) અર્ચના અનરજીત, (પુત્રી)
ઉ.વ.૧૩, ધંધો–અભ્યાસ.
(૩) નિકેશ નિષાદ અનરજીત, (પુત્ર)
ઉ.વ. ૧૫, ધંધો–અભ્યાસ.
(૪) નીખીલ નિષાદ અનરજીત, (પુત્ર)
ઉ.વ. ૧૬, ધંધો–અભ્યાસ.
(૫) રામપતિ મુન્નર (પિતા)
ઉ.વ. ૬૯, ધંધો–નિવૃત.
(૬) કલાવતીદેવી રામપતિ (માતા)
ઉ.વ. ૬૩, ધંધો–ઘરકામ.

(અરજદાર નં. ૨ થી ૪ સગીરવયના હોય તેમના કુદરતી વાલી તરીકે તેની માતા)

બધા રહે :– બનચરા, પીંડારા,
કુશીનગર,ઉતરપ્રદેશ. **.....અરજદારો**

**વિરૂધ્ધ**

(વાહન ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ. ૨૮૭૦ ના માલીક)
(૧) સમર્થ લીફ્ટર્સ પ્રા.લી.,
પ્લોટ નં. ૮૨, સેકટર–૧૧,
જી.આઈ.ડી.સી. ગાંધીધામ.

(વાહન ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ. ૨૮૭૦ ની વિમાકંપની)
(૨) યુનાઈટેડ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ કંપની લીમીટેડ,
સર્વે નં. ૯૮૧/૨, ૧૨,
મધુબન મોલ, વૈશાલી સીનેમાની સામે,
અંજાર–કચ્છ. ....**સામાવાળા**

## બાબત :– કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત...

---

અરજદાર તર્ફે :– વિ.વ.શ્રી. એન.આર.દવે.
સામાવાળા નં.૧ તર્ફે :– વિ.વ.શ્રી. જે.કે. ડાભી.
સામાવાળા નં. ૨ તર્ફે :– વિ.વ. શ્રી. એલ.એ.કેલ્લા.

---

## –:: ઠ રા વ ::–

(૧) હાલનાં કામમા અરજદારે ગુજરનાર અનરજીત રામપતિને સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં પરીણામે થયેલ ઈજાઓને કારણે મૃત્યુ થતા કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ વળતર મેળવવા હાલની અરજી કરેલ છે અને હાલના સામાવાળાઓ પાસેથી વળતરની રકમ રૂા.૯,૨૧,૮૦૦/– (અંકે રૂપીયા નવ લાખ એકવીસ હજાર આઠ સૌ પુરા), મરણોતર ધાર્મિક વિધિના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)

મળીને કુલ્લ રૂા.૯,૨૬,૮૦૦/– (અંકે રૂપીયા નવ લાખ છવીસ હજાર આઠ સૌ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખથી ૧૨ % વ્યાજ તથા અરજીનો સંપુર્ણ ખર્ચ વસુલ મેળવવા દાદ માંગેલ છે.

(૨) અરજદારોની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદાર નં.૧ ગુજરનારના પત્નિ, અરજદાર નં. ૨ થી ૪ ગુજરનારના સંતાનો તથા અરજદાર નં.૫ થી નં.૬ ગુજરનારના પિતા–માતા થાય છે. આ કામના ગુજરનાર સામાવાળા નં. ૧ ના ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ.૨૮૭૦ ઉપર ડ્રાઈવર તરીકે પોતાની ફરજ બજાવતા હતા. આ કામના ગુજરનાર સામાવાળા નં.૧ માલીકીની સુચના મુજબ ટ્રેઈલર નં.જીજે.૧૨.ઝેડ.૨૮૭૦ માં પ્લાસ્ટીકના દાણા ભરીને રાજકોટ જતા હતા. તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ સામખીયાળી માળીયા હાઈવે શીકારપુર સીમમાં આવેલ શ્રી બાલાજી હોટલના પાર્કીંગમાં ગાડી રાખીને રાત્રીના થોડીવાર ગાડીમાં અંદર જ સુઈ ગયેલ ત્યારે હોટલના સીકયુરીટી વાળાએ આવીને જણાવેલ કે બાજુની ગાડીમાંથી ધુમાડો નીકળે છે ત્યારબાદ ટ્રેઈલરની કેબીનનો દરવાજો અને તેનો કાચ તોડીને જોતા ગુજરનાર બળીને ગુજરી ગયેલ હતા. તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ રાતના બે–અઢી વાગ્યાના સુમારે બનાવ બનવા પામેલ હતો. ગુજરનાર સામાવાળા નં.૧ ની કંપનીમાં વર્ષ–૨૦૧૪ માં નોકરીમાં જોડાયેલા હતા અને છેલ્લા બાર મહીનામા કુલ્લ રૂા.૧,૨૧,૯૭૦/– પગાર મેળવેલ હતો. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૧ વર્ષની હતી. અમો અરજદારો ગુજરનાર ઉપર જ આધારીત હતા અને કાયદેસરના વારસદારો છીએ. આ કામના ગુજરનાર સામાવાળાનં.૧ વાળાની ફરજ પર હતા ત્યારે અકસ્માત બનાવ બનેલ હોય તેમની વચ્ચે નોકર–માલીકનો સંબંધ હતો. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૧ વર્ષ અને માસીક એવરેજ આવક રૂા.૧૦,૧૬૪/– હતી પરંતુ કામદાર વળતર ધારા અધિનિયમ તળે

રૂા.૧૫,૦૦૦/- ની મર્યાદા હોય તે મુજબ ગણતરી કરતા રૂા.૯,૨૧,૮૦૦/- (અંકે રૂપીયા નવ લાખ એકવીસ હજાર આઠ સૌ પુરા) વળતર મેળવવા અરજદારો હકકદાર થાય છે. અકસ્માત બનાવ સામખીયાળી માળીયા વચ્ચે કચ્છમાં બનેલ છે અને સામવાાળા નં.૧ તથા નં.૨ વાળાની ઓફીસો ગાંધીધામ મુકામે આવેલ હોય આ અરજી ચલાવવા નામદાર કોર્ટને હકુમત છે. આથી આ કામના અરજદારોને વળતરની રકમ રૂા.૯,૨૧,૮૦૦/- (અંકે રૂપીયા નવ લાખ એકવીસ હજાર આઠ સૌ પુરા), મરણોતર ધાર્મિક વિધિના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) મળીને કુલ્લ રૂા.૯,૨૬,૮૦૦/- (અંકે રૂપીયા નવ લાખ છવીસ હજાર આઠ સૌ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માતની તારીખ થી ૧૨% વ્યાજ તથા અરજી ખર્ચ આ કામના સામાવાળાઓ ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

(૩) આંક-૦૨ થી અરજદાર તર્ફે વિ.વ.શ્રી. એન.આર. દવેનું વકીલપત્ર રજુ થયેલ છે.

(૪) અરજી અદાલત સમક્ષ આવતા આંક-૦૬ થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટીસની સામાવાળાઓને બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેજમેન્ટ હાલના કામે રેકર્ડમાં રજુ છે. સામાવાળા નં.૧ તેમના વિ.વ.શ્રી.જે.કે.ડાભી મારફત હાજર થયેલા છે અને આંક-૧૨ થી લેખીત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, અમો સામાવાળા નં.૧ ગુજરનારના માલીક હતા અને ગુજરનાર અમો સામાવાળા નં.૧ ની ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ.૨૮૭૦ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. આ કામના અરજદારોએ અરજીમાં જણાવ્યા મુજબ ગુજરનારને તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ જે બનાવ બનેલ તે અમો સામાવાળા નં.૧ કબુલ રાખીએ છીએ કારણ કે અમારા વાહનના અન્ય ડ્રાઈવર ગુજરનારને હોસ્પીટલ લઈ ગયેલ હોવાથી અમો સામાવાળા નં.૧ માહીતગાર છીએ. અમો સામાવાળા નં.૧ વાળાએ અમારી વિમા કંપનીને

તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ પત્ર લખીને જાણ કરેલ હતી. અમો સામાવાળા નં.૧ વાળાએ વાહનની વિમાપોલીસી સામાવાળા નં.૨ પાસેથી મેળવેલ છે અને તેમાં અકસ્માતની તારીખ પણ કવર થાય છે. સદર કામે વાહનનું પી.યુ.સી. પ્રમાણપત્ર ફોર્મ નં.૫૯ માં મેળવેલ હતું. જેમાં તા.૦૮/૧૧/૨૦૨૨ થી તા.૦૭/૦૫/૨૦૨૩ સુધી અમલમાં હતું. અમો સામાવાળા નં.૧ સદર વાહનમાં સંકળાયેલ વાહનની વિમાપોલીસી ધરાવતા હોય અને નામદાર કોર્ટ હાલના અરજદારો મેળવવા હકકદાર હોવાના નિર્ણય પર આવે તો બનાવના દિવસે પોલીસી અમલમાં હોય વળતર તથા વ્યાજ ચુકવવાની જવાબદારી સામાવાળા નં. ૨ વિમાકંપનીની થતી હોવાનું ઠરાવવા વિનંતી છે.

(૫) ત્યારબાદ હાલના કામે સામાવાળા નં.૨ તેમના વિ.વ.શ્રી. એલ.એ.કેલ્લા મારફત હાજર થયેલા છે અને આંક–૧૪ થી લેખિત જવાબ રજુ કરીને અરજદારની હાલની અરજીની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, હાલના અરજદારોએ વાંચવાલાયક અને કમ્પલીટ પેપર્સ સામવાળા નં.૨ ને પુરા પાડેલ નથી. અરજદારોએ અરજીમાં જણાવેલ હકીકતો અસરકારક પુરાવા રજુ કરીને પુરવાર કરવી જોઈએ. હાલના કામે ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર – માલીકના સંબંધો સ્થાપિત થતા નથી. હાલના કામે ગુજરનારે યોગ્ય અને પુરતી કાળજી અને સલામતી રાખેલ ન હોય અને હાલના કામે બનાવ ગુજરનારની બેદરકારીના કારણે બનવા પામેલ હોય સામાવાળા નં.૨ વિમાકંપની વળતર ચુકવવા જવાબદાર થતી નથી આથી અરજદારની અરજી ખર્ચ સહીત રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૬) અરજદાર તર્ફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> :–**

૧. આંક–૧૯ થી અરજદાર નં. ૧ કાન્તીદેવી અનરજીતનું પુરાવાનું સોગંદનામુ.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક/ માર્ક** |
|---|---|---|
| 1 | બનાવ અંગે પોલીસને જાણ નોંધ નં. ૩/૨૦૨૩ ની ખરી નકલ. | ૨૧ |
| 2 | ગુજરનારના ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ. | ૨૨ |
| 3 | બનાવની સ્થાનિક જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૨૩ |
| 4 | ગુજરનારના પી.એમ. ની ખરી નકલ. | ૨૪ |
| 5 | મરણના દાખલાની ઝેરોક્ષ નકલ. | ૩/૫ |
| 6 | સામાવાળા નં. ૧ ના વાહનની આર.સી. બુકની નકલ. | ૩/૬ |
| 7 | સામાવાળા નં. ૧ ના વાહનની વિમાપોલીસીની નકલ. | ૨૫ |
| 8. | ગુજરનારના ડી.એલ. ની નકલ. | ૩/૮ |
| 9. | અરજદાર નં. ૧ થી ૬ ના આધારકાર્ડની નકલ. | ૩/૯ થી ૩/૧૪ |

(ત્યારબાદ અરજદાર તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૨૬ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

(૭) સામાવાળા નં. ૧ તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક/ માર્ક** |
|---|---|---|
| 1. | કંપનીની વિમાકંપનીને લખેલ પત્રની નકલ. | ૧૩/૧ |

| | | |
|---|---|---|
| 2. | કંપનીના કામદારો માટે બનાવેલ પગાર સ્ટેટમેન્ટની નકલ. | ૧૩/૨ |
| 3. | બનાવમાં સંડોવાયેલ વાહનની વિમાપોલીસીની નકલ. | ૧૩/૩ |
| 4. | વાહનનું પી.યુ.સી. પ્રમાણપત્રની નકલ. | ૧૩/૪ |
| 5. | વાહનનું ફીટનેશ પ્રમાણપત્રની નકલ. | ૧૩/૫ |
| 6. | વાહનનું પરમીટની નકલ. | ૧૩/૬ |
| 7. | વાહનની આર.સી. બુકની નકલ. | ૧૩/૭ |
| 8. | સામાવાળા કંપનીના જવાબદાર સહી કરનારના આધારકાર્ડની નકલ. | ૧૩/૮ |

(ત્યારબાદ સામાવાળા નં. ૧ તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૨૭ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

(ત્યારબાદ સામવાળા નં. ૨ તર્ફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અં ગેની આંક–૨૮ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

(૮) ત્યારબાદ અરજદારો તર્ફે વિ.વ.શ્રી. એન.આર.દવેનાઓએ લેખિત દલીલ આંક–૨૯ થી રજુ રાખેલ છે તેમજ મૌખિક દલીલ કરેલ છે જેમાં પોતાની અરજીની હકીકતોનું પુનઃરાવર્તન કરીને વધુમાં જણાવેલ છે કે, હાલના કામના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસદારો છે. હાલના અરજદારોએ અરજીમાં જણાવેલ હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોય અરજદારોએ અરજીમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૯) સામાવાળા નં. ૧ તર્ફે વિ.વ.શ્રી. જે.કે. ડાભી નાઓએ લેખિત દલીલ આંક–૩૦ થી રજુ રાખેલ છે તેમજ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે, હાલના અરજદારોએ અરજીમાં જણાવેલ હકીકતો ખરી છે. અમો સામાવાળા નં.૧ ના વાહનની વિમાપોાલીસી સામાવાળા નં.૨ વિમાકંપની પાસેથી લીધેલ હોય અને અકસ્માત તારીખે વિમો કવર થતો હોય હાલના કામે અકસ્માત

વળતરની રકમ ચુકવવા સામાવાળા નં.ર ને જવાબદાર ઠરાવવા વિનંતી કરેલ છે.

**(૧૦)** સામાવાળા નં.ર તર્ફે વિ.વ.શ્રી. એલ.એ.કેલ્લાનાઓએ મૌખિક દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, હાલના કામનો બનાવ ગુજરનારની બેદરકારીના કારણે બનેલ હોય હાલના અરજદારોને વળતર, પેનલ્ટી તથા વ્યાજ ચુકવવા આ કામના સામાવાળા નં.ર જવાબદાર થતા ન હોઈ અરજદારની અરજી રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

**(૧૧)** ઉપરોકત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે આંક–૧પ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

## *–:: <u>મુદ્દાઓ</u> ::–*

(1) શું અરજદારો સાબીત કરે છે કે, તેઓ ગુજરનારના કાયદેસરના વારસો અને આશ્રિતો છે. ?

(2) શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનાર સામાવાળાઓના કામદાર થતા હતા.?

(3) શું અરજદારો સાબીત કરે છે કે, ગુજરનારને સામાવાળાની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ છે ? જો હા તો અકસ્માતના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે.

(4) શું અરજદારો સાબીત કરે છે કે,અકસ્માત સમયે ગુજરનાર સામવાાળા પાસેથી માસીક રૂા.૧૦,૧૬૪/– પગાર મેળવતા હતા ? તથા ગુજરનારની ઉંમર ૪૦ વર્ષની હતી ?

(5) શું અરજદારો સાબીત કરે છે કે, સામાવાળાઓ અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે ? જો હા તો કેટલી રકમ ?

(6) શું અરજદારો સાબીત કરે છે કે, સામાવાળાઓએ વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે ?

(7) શું અરજદાર હાલની અરજીનાં પેરા–૧ર માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે

(8) શું આખરી હુકમ ?

**(૧ર)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

**(1)** હકારમાં.

**(2)** હકારમાં.

**(3)** હકારમાં.

**(4)** અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૦ વર્ષ હતી, માસિક પગાર રૂા. ૧૩,૭૯૫ /– હતો.

**(5)** હકારમાં, સામાવાળા નં.ર વળતરની રકમ રૂા.૧ર,૭૦,રર૦/– (અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) ચુકવવા જવાબદાર થાય છે.

**(6)** સામાવાળા નં.ર વીમાકંપની વળતરની રકમ રૂા.૧ર,૭૦,રર૦/– (અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) ઉપર અકસ્માત તારીખથી ૧ર % વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળા નં. ૧ માલીક વળતરની રકમ રૂા.૧ર,૭૦,રર૦/– (અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) ઉપર ૫૦ % પેનલ્ટીની રકમ રૂા.૬,૩૫,૧૧૦/– (અંકે રૂપીયા છ લાખ પાંત્રીસ હજાર એકસો દસ પુરા) ચુકવવા જવાબદાર થાય છે.

**(7)** અંશત **:** હકારમાં

(**8**) આખરી હુકમ મુજબ.

## **–:: <u>કા ર ણો</u> ::–**

**(૧૩) <u>મુદ્દા નં. ૧</u> ::–**

**(૧૩.૧)** સદર કામે અરજદાર તથા સામાવાળા તર્ફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ નાં પ્રકરણ–૨ માં કરવામાં આવેલ જોગવાઈને ઘ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોકકસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશકતતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકકીત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકનો સંબંધ છે. વધુમાં અરજદારને શારીરિક ઈજા પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ માં કયાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ " અકસ્માત" નો ડિકશનરી અર્થ એ થાય કે "કાંઈ પણ જાણ થયા વિના અણધાર્યો બનાવ."

**(૧૩.૨)** ઉપરોકત મુદાનું સ્વરૂપ જોતાં અરજદાર ગુજરનારનાં આશ્રિતો તથા વારસો છે કેમ તે અંગે અરજદારો તર્ફે રજુ અરજીમાં હાલના અરજદારો ગુજરનાર અનરજીત રામપતિના પત્નિ, સંતાનો તથા પિતા–માતા થતા હોવાનું જણાવેલ છે. હાલનાં કામે તેઓના કથનનાં સમર્થનમાં અરજદાર નં.૧ તર્ફે

આંક–૧૯ થી સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં સદર હકીકતો જણાવી તેને વળગી રહેલ છે. સદર હકીકતે તેઓની સામાવાળા નં.૧ તથા નં.ર ના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારો ગુજરનારનાં વારસો તથા આશ્રિતો હોવા વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર હકીકત બાબતે કર્મચારી વળતર અધિનિયમ,૧૯ર૩ ની કલમ–ર(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે –

➢ <u>**કલમ–ર(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારના કોઈ સગાં પૈકી–**</u>

(૧) વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રી અથવા વિધવા માતા અને

(ર) કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશકત પુત્ર અથવા પુત્રી,

વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, પેટા–કલમ (૧) આ ખંડ (ડી) નાં પેટા–ખંડ (ર) :– આ પેટા ખંડ (ર) માં બે મુખ્ય બાબતો છે.(૧) દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, (ર) તે અશકત હોવા જોઈએ, (૩) કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અંશત: આશ્રિત હોય તો, (એ) વિધુર, (બી) માતા કે પિતા, (સી) સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, (ડી) સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, (ઈ) વિધવા પુત્રવધુ, (એફ) મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, (જી) પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના માતા–પિતા હયાત ન હોય તો

અથવા (એચ) કામદારનાં માતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી. "

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોકત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો ગુજરનારનાં પત્નિ, સંતાનો તથા પિતા–માતા થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારો ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા જેથી તેઓને ગુજરનારનાં વારસો તથા આશ્રિતો તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે હાલનાં કામનાં અરજદારો ગુજરનાર સ્વ.અનરજીત ઉર્ફે અમરજીત રામપતિના વારસો તથા આશ્રિતો હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમા ઠરાવવામાં આવે છે.

**(૧૪) <u>મુદા નં. ૨–૩</u> ::–**

મુદ્દા નં.ર તથા નં.૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.ર તથા નં.૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

આ કામના અરજદારોએ પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, "ગુજરનાર અનરજીત રામપતિ સામાવાળા નં.૧ ના ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ. ૨૮૭૦ ઉપર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. ગુજરનાર સામાવાળા નં.૧ ની કંપનીમાં વર્ષ–૨૦૧૪ માં નોકરીમાં જોડાયેલા હતા અને અકસ્માત બનાવ સમયે તેમની વચ્ચે નોકર–માલીકનો સંબંધ હતો. ગુજરનાર સામાવાળા નં. ૧ માલીકની સુચના મુજબ ટ્રેઈલર નં. જીજે.૧૨. ઝેડ. ૨૮૭૦ માં પ્લાસ્ટીકના દાણા ભરીને રાજકોટ જતા હતા. તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ સામખીયાળી માળીયા હાઈવે શીકારપુર સીમમાં આવેલ શ્રી બાલાજી

હોટલના પાર્કીગમાં ગાડી રાખીને રાત્રીના થોડીવાર ગાડીમાં અંદર જ સુઈ ગયેલ ત્યારે હોટલના સીકયુરીટી વાળાએ જણાવેલ કે બાજુની ગાડીમાંથી ધુમાડો નીકળે છે ત્યારબાદ ટ્રેઈલરની કેબીનનો દરવાજો અને તેનો કાચ તોડીને જોતા ગુજરનાર બળીને ગુજરી ગયેલ હતા. આમ આ કામના ગુજરનાર સામાવાળાનં.૧ વાળાની ફરજ પર હતા ત્યારે અકસ્માત બનાવ બનેલ છે.'' હાલના કામે સામાવાળા નં.૧ તર્ફે લેખિત જવાબ રજુ થયેલ છે અને અરજદારોની અરજીની આ હકીકતોનો સ્વિકાર કરેલ છે. સામાવાળા નં.ર તર્ફે હાજર રહી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજીની આ હકીકતનો ઈન્કાર કરેલલ છે. અરજદાર નં.૧ તર્ફે અરજીના સમર્થનમાં આંક–૧૯ થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે. સામાવાળા નં.૧ તથા સામાવાળા નં.ર ના વિ.વ.શ્રી. દ્વારા અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં હાલના કામે અરજદારો તર્ફે આ કામે આંક–ર૧ થી પોલીસને જાણ નોંધ ૩/ર૦ર૩ ની ખરી નકલ, આંક–રર થી ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ, આંક–ર૩ થી સ્થાનીક પંચનામાની ખરી નકલ, આંક–ર૪ થી ગુજરનારનો પી.એમ. રીપોર્ટ રજુ થયેલ છે. આંક–ર૧ થી રજુ જાણ નોંધ નં. ૩/ર૦ર૩ ની ખરી નકલ વંચાણે લેતા તેમાં અકસ્માત અંગે ડો. સુજીતકુમાર લાકડીયાનાઓએ (સી.એચ.સી.) જાહેર કરેલ છે અને સદર જાહેરાતની પુરી વિગત આ કામના સામવાાળા નં.૧ ના માલીકીના અન્ય વાહનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સુરેન્દ્રકુમાર હરીકેશર મોર્યાનાઓએ લખાવેલ છે. સદર ફરીયાદ વંચાણે લેતા અરજદારોની અરજીની હકીકતોને સમર્થન મળે છે. વધુમાં હાલના કામે અરજદારો તર્ફે આંક–રર થી ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ, આંક–ર૩ થી સ્થાનીક પંચનામાની ખરી નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતા અરજદારોની અરજીની

હકીકતોને સમર્થન મળે છે. વધુમાં હાલના અરજદારો તર્ફે આંક–૨૪ થી ગુજરનારના પી.એમ. રીપોર્ટની ખરી નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતા ગુજરનારનું મૃત્યુ દાઝી જવાના કારણે થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં હાલના કામે અરજદાર તર્ફે આંક–૨૫ થી વાહન ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ. ૨૮૭૦ ની વિમાપોલીસીની ખરી નકલ રજુ કરેલ છે તે જોતા ટ્રકના ઓનર તરીકે મેસર્સ સમર્થ લીફ્ટર્સ પ્રાઈવેટ લીમીટેડ એટલે કે આ કામના સામાવાળા નં. ૧ નું નામ છે. વધુમા હાલના કામે સામાવાળા નં.૧ ગુજરનારને કામે રાખનાર માલીક છે અને સામાવાળા નં. ૧ નાઓએ પોતાના જવાબમાં અરજદારોની અરજીની આ હકીકતોનો સ્વિકાર કરેલ છે. આથી રજુ થયેલ પોલીસ પેપર્સ, મેડીકલ પેપર્સ, વિમાપોલીસી તથા સામાવાળા નં.૧ માલીકનો જવાબ વંચાણે લેતા આ કામના ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું તેમજ સામાવાળા નં.૧ ગુજરનારને કામે રાખનાર માલિક હોવાનું પુરવાર થાય છે અને તેથી આ કાયદાની કલમ–૨ (એન) મુજબ ગુજરનાર સામાવાળા નં.૧ ના કામદાર હતા અને સામાવાળા નં.૧ આ કાયદાની કલમ–૨ (૧) (ઈ) મુજબ માલીક છે તેવું ઠરાવવામાં આવે છે તેથી આ કામના ગુજરનાર અનરજીત રામપતિ આ કામના સામાવાળા નં.૧ ના વાહન ટ્રેઈલર નં.જીજે.૧૨.ઝેડ.૨૮૭૦ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દરમ્યાન દાઝી જવાના કારણે મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે તેથી મુદા નં.૨–૩ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૫) <u>મુદ્દા નં.૪</u> ::–**

હાલના અરજદારોએ પોતાની વળતર અરજીમાં ગુજરનાર સામાવાળા નં.૧ વાળાની નોકરી દરમ્યાન મહિને રૂા.૧૦,૧૬૪/– પગાર મેળવતા હોવાનું જણાવેલ છે પરંતુ કામદાર વળતર ધારા અધિનિયમ તળે રૂા.૧ ૫,૦૦૦/– ની મર્યાદા હોય તે મુજબ વળતર ચુકવવા વિનંતી કરેલ છે. સદર

બાબતે સામાવાળા નં.૧ ના એ પોતાના લેખિત જવાબમાં અરજદારની અરજીની આ હકીકતોનો સ્વિકાર કરેલ છે. સામાવાળા નં.ર તર્ફે પોતાના લેખિત જવાબમાં અરજદારની આ હકીકતનો ઈન્કાર કરેલ છે પરંતુ સદર હકીકતનો ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. અરજદાર નં.૧ તર્ફે આંક–૧૯ થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે. સામાવાળા નં. ૧ તથા નં. ર ના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં હાલના કામે સામાવાળા નં. ૧ તર્ફે માર્ક ૧૩/ર થી પગાર સ્ટેટમેન્ટની ખરી નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા સદર પગાર સ્ટેટમેન્ટ ફેબ્રુઆરી–ર૦રર થી જાન્યુઆરી–ર૦ર૩ સુધીનું છે જેમાં ગુજરનારની ૧ર મહિનાની નોકરી દરમ્યાન મેળવેલ પગાર કુલ રૂા.૧,૬પ,પ૪૧/– છે વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટની કલમ પ મુજબ ગણતરી કરીએ તો ગુજરનારને છેલ્લા ૧ર મહિનામાં માલીકે તેને જે કુલ વેતન ચુકવેલ તેના બારમાં ભાગની રકમ મુજબ ગુજરનારનું માસીક વેતન રકમ રૂા.૧૩,૭૯પ/– થાય છે જયારે અરજદારનાઓએ ગુજરનારનો માસીક પગાર રૂા.૧૦,૧૬૪/– ગણેલ છે પરંતુ ઉપરોક્ત પડેલ પુરાવાના આધારે ગણતરી કરતા ગુજરનારનો માસીક પગાર રૂા.૧૩,૭૯પ/– થતો હોય તેને સ્વીકારવામાં આવે છે કેમ કે યોગ્ય વળતર ચુકવવાની જવાબદારી વર્કમેન્સ કોમ્પેનસેશન કમીશ્નરશ્રીની થાય છે જેથી અરજદારનાઓએ ગુજરનારનો જે માસીક પગાર દર્શાવેલ છે તેના કરતા ગુજરનારનો પગાર વધુ થતો હોય તે સ્વીકારવામાં આવેલ છે. વધુમાં સામાવાળા નં.૦ર તરફે ગુજરનારના પગાર અંગે કોઈ ખંડન કરતો દસ્તાવેજી પુરાવો હાલનાં કામે રજુ રાખેલ નથી. આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૩/૦૧/ર૦ર૦ નું નોટીફીકેશન વંચાણે લેતાં કલમ–૪ સ્પષ્ટીકરણ–ર માં વધુમાં વધુ રૂા.૧પ,૦૦૦/– પગાર ગણવો કે તેથી ઓછો. જે મુજબ ગુજરનારનો માસીક પગાર રૂા.૧૩,૭૯પ/– થાય છે અને તે નોટીફિકેશનમાં જણાવ્યા મુજબ રૂા.૧પ,૦૦૦/– કરતા ઓછો છે જેથી રૂા.૧૩,૭૯પ/–ને ગુજરનારના

માસીક પગાર તરીકે સ્વીકારવામાં આવે છે.

અકસ્માત વખતે અરજદારની ઉંમર પુરવાર કરવા બાબતે અરજદાર તર્ફે માર્ક ૩/૮ થી ગુજરનારના ડ્રાઈવીંગ લાયસન્સની ખરી નકલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતાં તેમાં ગુજરનારની જન્મ તા.૧૦/૦૫/૧૯૮૨ દર્શાવેલ છે. હાલના કામે અકસ્માતનો બનાવ તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ બનવા પામેલ છે. વધુમાં સામાવાળા નં.૧ તથા નં.૨ વાળા ગુજરનારની ઉંમર બાબતે વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૦ વર્ષની હોવાનું પુરવાર થાય છે. જેથી મુદા નં.૪ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૬) <u>મુદ્દા નં.૫ થી ૭</u> ::-**

મુદ્દા નં.૫ થી નં. ૭ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૫ થી નં. ૭ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૬.૧)** હાલનાં કામે મુદદા નં.૫ થી નં. ૭ અંગે જોતા જયારે નોકર-માલીકનાં સંબંધો સામાવાળા નં.૧ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજના સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં ગુજરનારનુ અવસાન થયેલ હોય ત્યારે સામાવાળાઓ પાસેથી કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદારો વળતર મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે. અરજદાર તર્ફે આંક-૨૫ થી વાહન ટ્રેઈલર નં. જીજે.૧૨.ઝેડ. ૨૮૭૦ ની વિમાપોલીસીની ખરી નકલ રજુ કરેલ છે સદર પોલીસી વંચાણે લેતા પોલીસી પીરીયડ તા. ૦૨/૦૮/૨૦૨૨ થી તા.૦૧/૦૮/૨૦૨૩ નાં રોજ સુધીનો દર્શાવેલ છે. હાલના કામે અકસ્માત બનાવ તા.૩૧/૦૧/૨૦૨૩ નાં રોજ થયેલ છે. આમ, સદર

હકીકતને ધ્યાને લેતાં પોલીસી પીરીયડમા બનાવ કવર થાય છે. જેથી સદર તમામ હકીકતો ધ્યાને લેતાં વીમા કંપની વળતર ચુકવવા જવાબદાર થાય છે.

**(૧૬.૨)** અકસ્માતના સમયે આ કાયદાની જોગવાઈ જોતાં ગુજરનારની ઉંમર ૪૦ વર્ષ અને માસીક આવક રૂા. ૧૩,૭૯૫/– ઠરાવવામાં આવેલ છે. કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ની કલમ–૪ મુજબ વળતરની ગણતરી જોઈએ તો,અકસ્માતમાં થયેલ મૃત્યુના કિસ્સામાં માસીક આવકનાં ૫૦% એટલે કે રૂા. ૬,૮૯૭/– અને રીલેવન્ટ ફેકટર અનુસુચિ–૪, કલમ–૪, ૪૦ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૧૮૪.૧૭ ને ગુણતા રૂા. ૧૨,૭૦,૨૨૦/– (અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) આ કામના અરજદારો મેળવવા હકકદાર છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૧૬.૩)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર નોકરીનાં સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા અવસાન થયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદાર ગુજરનારનાં આશ્રિત હોય ત્યારે તેઓ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. હાલના કામે બંને સામાવાળાઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. અરજીની નોટીશ બજી ગયા બાદ પણ તેઓ તર્ફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે સ્પષ્ટપણે એ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે કે, સામાવાળાઓ દ્રારા ગુજરનારનાં આશ્રિતોને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં વીમા કંપની જવાબદાર થતી નથી. વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લેતાં સામાવાળા નં.૧ એ વળતર જમા કરાવવી જોઈએ જે જમા કરાવેલ ન હોય પેનલ્ટી ચુકવવા તેઓ જવાબદાર થાય અને કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ ૫૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. તેમજ સામાવાળા નં.૧ નાઓએ

પોતાના કામદારના અવસાન સમયે તેના વારસદારોને કોઈ સહાય કરી કે કોઈ રકમ ચુકવી હોય તેવી કોઈ જ હીક્કત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ પેનલ્ટી શુ કામ ઘટાડવી જોઈએ તે અંગે પણ કોઈ રજૂઆત કરેલ ન હોય સામાવાળા નં.૧ વળતરની રકમ રૂા.૧૨,૭૦,૨૨૦/– ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂા.૬,૩૫,૧૧૦/– ચુકવવા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. અરજદારનાઓએ પોતાની અરજીમાં પેનલ્ટીની માંગણી કરેલ નથી પરંતુ યોગ્ય વળતર ચુકવવાની જવાબદારી વર્કમેન્સ કોમ્પેનસેશન કમિશ્નરશ્રીની છે જેથી અરજદારે માંગણી ન કરી હોવા છતાં અત્રેની કોર્ટ યોગ્ય વળતરની રકમ ચુકવવા માટે બંધાયેલ છે અને આ અંગે નીચે મુજબનો નામદાર સિક્કીમ..ગંગટોક હાઈ કોર્ટ નો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

**Appeal (c) No. 01/2019**

**The Manager , United India Insurance Co . Ltd ,.**

**Vs .**

**Smt . Kakali Sarkar Guha & Othrs .**

ઉપરોક્ત ચુકાદાનો પેરા. ૧૫ મહત્વનો છે જે નીચે મુજબ છે .

15. Having answered the two substantial questions raised it is incumbent upon this Court to ensure that the Claimant is paid the compensation as is statutorily provided. The learned Counsel Employer submitted that although apparently the calculation of the compensation amount is erroneous in view of the fact that no cross appeal has been preferred by the Claimant and the scope of Section 30 of the Act is limited to the questions of law formulated enhancement of the compensation is impermissible. Section 3 of the Act mandates that the Employer is liable to pay compensation in accordingly with the provisions of Chapter II of the Act. Chapter II

consists Section 3 to Section 18 (both sections included). Section 3, 4, 4A and 5 of the Act are relevant for the purpose of determining payments due and payable by the Employer. The learned Commissioner was duty bound to calculate the amount of compensation in accordance with the provisions of Chapter II of the Act. The learned Commissioner did not do so although there was no contest that the Claimant was to be awarded compensation. In fact the record reflects that it was only the office of the learned commissioner which calculated the compensation amount. Section 30 of the Act provides for appeal against the orders of the learned Commissioner on the questions of law involved and formulated. The powers of the Appellate Court are coextensive with that of the learned Commissioner. The Appellate Court is the "court of error" and its normal function is to correct the decision of the Court from whose decision the appeal lies. The Claimant has not preferred any appeal against the quantum of compensation awarded by the learned Commissioner although the computation is apparently erroneous. The Appellant i.e. the insurer as well as the Employer are not aggrieved by the quantum of compensation but both agree that compensation is payable. The Appellant states that it is the Employer who is liable. The Employer on the other hand states that it is the Appellant who is liable. When a claim for compensation is made by the Claimant entitled to do so

under the Act it is the statutory duty of the learned Commissioner to quantify the said amount in accordance with Chapter II of the Act. **This statutory duty binds the learned Commissioner to arrive at the quantum of compensation irrespective of the fact as to whether any plea in that behalf was raised by the Claimant or not. There is also no restriction under the Act that compensation should be awarded only up to the amount claimed by the Claimant and when the evidence is brought on record and the learned Commissioner comes to the conclusion that the Claimant is entitled to more compensation than claimed even then the earned Commissioner may pass such award as statutorily provided for. It must be kept in mind that the Act is beneficial and welfare legislation and therefore the statutory duty under Section** 3 **of the Act to quantify the compensation correctly and award it, is salutary for the purpose.** This Court is therefore, of the view that although the Claimant has not preferred any cross appeal against the award of the learned Commissioner and the learned Commissioner has not determined compensation correctly it is the duty of the Appellate Court to ensure that the award of the learned Commissioner is modified and the Claimant is awarded the compensation and all such amounts as are due and payable under Chapter II of the Act. After all the existence of Courts of justice is to ensure that justice is

done and inherent in every Court is the power to undo the wrong and do the right.

આમ, ઉપરોકત ચુકાદો ઘ્યાને લેતા જયારે અરજદારે પેનલ્ટીની રકમની માંગણી કરેલ નથી ત્યારે કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ ગણતરી કરતા વધુ રકમ થતી હોય તો નામદાર કમિશ્નર કામદારને માંગણી કરતા પણ વધુ આપી શકે છે. કામદાર વળતર ધારો એ કામદારો માટેનો બેનીફીશીયલ લો છે અને કોઈપણ કામદાર તેના કાયદેસરના હકક હિસ્સાથી વંચિત ના રહે તે ન્યાયના હિતમાં ઘ્યાને લેવું જરૂરી છે.

વધુમા હાલના કામે અરજદાર તર્ફે રજુ વિમાપોલીસી મોટર વ્હીકલ એકટ અંતર્ગતની પોલીસી હોય, તે સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટનાં **વેદ પ્રકાશ ગર્ગ વિ. પ્રેમાદેવી ૧૯૯૮ એ.સી. જે. પાના નં.૧** નાં ચુકાદામાં વ્યાજની રકમ તે વળતરની રકમનો જ ભાગ હોઈ એમ. વી. એકટની પોલીસી અન્વયે વ્યાજની રકમની ક્ષતિપૂર્તિ કરી આપવાની જવાબદારી વીમા કંપનીની થાય છે તેમ ઠરાવેલ છે. સદર પ્રસ્થાપીત સીધ્ધાંતને ઘ્યાને લેતાં વ્યાજ અંગે વીમા કંપનીની જવાબદારી ઠરાવી શકાય. જેથી ઉપરોકત ચર્ચાને ઘ્યાને લેતાં વીમા કંપની વ્યાજ ચુકવવા જવાબદાર ઠરાવવામાં આવે છે. જેથી ગુજરનારનાં આશ્રિતો અરજદારો હાલના કામના સામાવાળા નં. ૨ પાસેથી વ્યાજ મેળવવા હકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૧૬.૪)** વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧૨% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ઘ્યાને લેતાં તથા હાલનાં તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે **પી.મીનારાજ વિ. પી.આદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે.પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જયોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠ્ઠલરાવ**

**શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં.૧૪૧૦** નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા **ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કં઼ું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસો**ના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "વ્યાજની જવાબદારી કમીશનર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે " વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કં઼ું. લી. અને બીજાંઓ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪૮૦ નાં ચુકાદામાં, સીવીલ અપીલ નં. ૬૬૧૪/૨૦૨૧ અને સીવીલ અપીલ નં.૧૮૬૦/૨૦૨૨ નાં ચુકાદામાં અકસ્માત ઈજા તારીખથી ૧૨% વ્યાજનો હુકમ કરેલ છે. તેમજ ૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૪૧ નામદાર કલકત્તા હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરઘેન્દુકુમાર રોય અને બીજાંઓ**નાં ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતોને ધ્યાને લેતાં સ્પષ્ટપણે ૧૨ % સુધીનું સાદુ વ્યાજ ચુકવવા અંગનો હુકમ કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં હાલનાં કામે અકસ્માત તારીખથી ૧૨ % નાં લેખે સાદા વ્યાજની વળતર ઉપરાંતની રકમ ચુકવવા સામાવાળા નં. ૨ નાઓ જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે. આથી હાલના સામાવાળા નં. ૨ પાસેથી વળતર તથા વ્યાજની રકમ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં હાલના અરજદારો તર્ફે આંક–૦૧ ની અરજીમાં મરણોતર તથા ધાર્મિક વિધિ ખર્ચની રકમ રૂા. ૫,૦૦૦/– સામાવાળા પાસેથી વસુલ લેવા દાદ માંગેલ છે. કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા હાલના કામના સામાવાળા નં.૧ માલીકે અરજદારને મરણોતર તથા ધાર્મિક વિધિ ખર્ચના રૂા.૫,૦૦૦/– ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૭)** વધુમાં હાલના કામે અરજદારે પોતાની આંક–૦૧ ની વળતર અરજી મા

વળતરની રકમ રૂા.૯,૨૬,૮૦૦/– (અંકે રૂપીયા નવ લાખ છવીસ હજાર આઠ સૌ પુરા) મેળવવાનો દાવો કરેલ હોય તે મુજબ ભરવાની થતી કોર્ટ ફી રૂા.૧૮૫૫/– રજુ રાખેલ હોવાનું જણાવેલ છે. જયારે હાલના કેસમાં ઉપરોકત મુદા નં. ૫ થી ૮ માં કરેલ ચર્ચા મુજબ હાલના અરજદારો વળતરની રકમ રૂા. ૧૨,૭૦,૨૨૦/– ( અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવેલ છે આથી હાલના અરજદારોએ રૂા.૩,૪૩,૪૨૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ તેતાલીશ હજાર ચારસો વીસ પુરા) ની ઉપર ખુટતી કોર્ટ ફી અત્રેની અદાલતમાં જમા કરાવવા ની રહે છે.

**(૧૮)** ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૭ માં ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર સામાવાળા નં.૧ ને ત્યાં કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે અકસ્માતમાં ઈજા થતાં તેઓનું અવસાન થયેલ હોવાનું, વધુમાં ગુજરનારનાં આશ્રિતો વળતરની રકમ, વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી વળતરની રકમ ચુકવે નહીં ત્યાં સુધીનું વાર્ષિક ૧ ૨% નાં સાદા વ્યાજ સાથેની રકમ સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. સામાવાળા નં.૧ વળતરની રકમ રૂા.૧૨,૭૦,૨૨૦/– (અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂા.૬,૩૫,૧૧૦/– ચુકવવા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૮ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

**(૧)** આથી અરજદારોની હાલની વળતર અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામનાં સામાવાળા નં. ૨ વિમા કંપનીનાઓએ અકસ્માત વળતરની રકમ રૂા. ૧૨,૭૦,૨૨૦/– ( અંકે રૂપીયા બાર લાખ સીત્તેર હજાર બસો વીસ પુરા ) ચુકવે નહીં ત્યાં સુધી અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સહિત રકમ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળા નં.૧ વળતરની રકમ રૂા.૧૨,૭૦,૨૨૦/– ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂા. ૬,૩૫,૧૧૦/– ચુકવવા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળા નં.૧ માલીકનાઓએ મરણોતર ક્રીયાના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) તથા આ અરજી ખર્ચના રૂા.૩૦૦૦/– અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનાં કામનાં અરજદારોએ રૂા.૩,૪૩,૪૨૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ તેતાલીશ હજાર ચારસો વીસ પુરા) ની ઉપર ખુટતી કોર્ટ ફી અત્રેની અદાલતમાં દિન–૩૦ માં જમા કરાવવી.

( ૬ )હાલનાં કામનાં સામાવાળાઓએ આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૨૮/૦૪/૨૦૨૬
ગાંધીધામ–કચ્છ.

**(ઝેડ. જી. મોદન )**
કમિશ્નરશ્રી, વ. કો. એકટ, લેબર કોર્ટ,
(જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.
***JUDGE CODE : GJ01569***